

## માઇભક્ત ધ્વારા ૧ કિલો સોનુ ભેટમાં મળ્યુ

ભાદરવી પુનમના દિવસે ખેડા જિલ્લાના વતની માઈભક્તશ્રી નવનીતભાઈ શાહ ધ્વારા મા અંબેના ચરણોમાં એક કિલો સોનુ ચડાવવામાં આવ્યુ હતુ. એક મુલાકાતમાં શ્રી નવનીતભાઈએ જણાવ્યુ કે માતાજી ઉપર અપાર ભક્તિભાવ અને શ્રધ્ધા હોવાથી માતાજીના ચરણમાં એક કિ.લો. સોનુ ચડાવ્યું છે. ઉલ્લેખનીય છે કે ઘણા માઈભક્તો પોતાની શક્તિ અને ઈચ્છા અનુસાર માતાજીને સોનુ ધરાવતા હોય છે.

# અંબાજી ભાદરવી મહામેળો સુખરૂપ સંપન્ન

## લાખો માઈભક્તો માતાજીના દર્શન કરી ધન્ય બન્યા

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે તા.૩૧ ઓગષ્ટ થી ૬ સપ્ટેમ્બર દરમ્યાન યોજાયેલ ભાદરવી પુન મહામેળો સુખરૂપ સપન્ન થયો છે. દૂર દૂરથી પદયાત્રા કરીને દિવસો સુધી ચાલીને આવેલા લાખો માઈભક્તો માતાજીના ચરણે મસ્તક ઝુકાવી ધન્ય બન્યા છે. મેળા પ્રસંગે અંબાજીમાં મીની મહાકુંભનો ભવ્ય માહોલ સર્જાયો હતો. પૂર્ણ ભક્તિભાવથી માતાજીના દર્શન કરી ભાવવિભોર બનતા માઈભક્તોથી ચાચર ચોકમાં અને સમગ્ર મંદિર પરિસરમાં ભક્તિભર્યો ભવ્ય માહોલ છવાયેલો જોવા મળ્યો છે. બનાસકાંઠા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લા વહીવટીતંત્રના સરસ પ્રયાસોને લીધે યાત્રિકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ બનાવાઈ હતી પરિણામે યાત્રિકોને કોઈ જ તકલીફ પડી નહોતી. કલેકટરશ્રી સહિત જિલ્લાના અધિકારીઓ મેળા પર ઝીણવટભરી નજર રાખી રહ્યા હતા.

## પોલીસ વિભાગની સરાહનીય કામગીરી

મેળા પ્રસંગે રોજે રોજ લાખો યાત્રિકો અંબાજીમાં આવતા રહે છે ત્યારે વ્યવસ્થા જળવાઈ રહે તેમજ યાત્રિકોને કોઈ તકલીફ ન પડે તે માટે પોલીસ અધિક્ષકશ્રી નિરજ બડગુજર અધિકારીઓને સુચના અને માર્ગદર્શન આપતા જોવા મળ્યા હતા. પોલીસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખવાની સાથે યાત્રિકો સાથે સેવાભાવના અને સન્માનપૂર્વક વ્યવહાર કરી મદદરૂપ બનતા જોવા મળ્યા હતા.



## મંદિર પરિસરમાં ભક્તિભર્યો માહોલ

મેળા પ્રસંગે અંબાજી મંદિર પરિસરમાં ભક્તિભર્યો માહોલ સતત રહ્યો હતો. માઈભક્તો ધ્વારા મંદિરના શિખર ઉપર માતાજીની ધજા ચડાવાતી હોય ત્યારે જયઅંબે......ના પ્રચંડ જય જયકાર સાથે શ્રધ્ધાળુઓ ભક્તિમય બની જતા હતા. કેટલાક શ્રધ્ધાળુઓ ભાવવિભોર બની જતાં તેમની આંખમાં હર્ષના આંસુ પણ જોવા મળ્યા હતા. માતાજીનાં દર્શન કરીને મંદિર બહાર આવતા દર્શનાર્થીઓના ચહેરા પર આનંદ અને સંતોષની લાગણી જોવા મળી હતી. મંદિરનો ચાચર ચોક માઈભક્તોથી ભરચક, લાંબી ધજાઓ, માતાજીના જયઘોષ, હાથમાં ચુંદડી-પ્રસાદથી માહોલ ભવ્ય રહ્યો હતો. દર્શન માટે બબ્બે રેલીંગ વ્યવસ્થા હોવાથી કોઈ યાત્રિકને લાંબો સમય લાઈનમાં ઉભા રહેવું પડ્યુ નથી.

# યુ.જી.વી.સી.એલ, સ્વચ્છતા અને એસ.ટી.નિગમની કામગીરી પ્રશંસનીય

મેળા પ્રસંગે સ્વચ્છતાની કામગીરી પ્રશંસનીય રહી હતી. લાખો માઈભક્તો ઉમટી પડવા છતાં સંખ્યાબંધ ટીમો ધ્વારા સતત ચાલતી સ્વચ્છતાની કામગીરીથી અંબાજીમાં તમામ સ્થળોએ સરસ સ્વચ્છતા જોવા મળી હતી. સ્વચ્છતાની કામગીરીની લાખો લોકોએ પ્રશંસા કરી હતી. ઉપરાંત પરિવહન માટે ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ ધ્વારા મોટાભાગની એસ.ટી.બસો નવી મુકવામાં આવી હતી. પરિવહનની સારી વ્યવસ્થાને લીધે યાત્રિકો સરળતાથી અને ઝડપથી પોતાના ઘેર પરત ફરી શક્યા છે. યુ.જી.વી.સી.એલ.ના અધિક્ષક ઈજનેરશ્રી એલ.એ.ગઢવી અને તેમની ટીમ સમગ્ર ધ્વારા અંબાજી ગામમાં અને રસ્તાઓ ઉપર લાઈટની વ્યવસ્થા બહુ સારી રીતે જાળવવામાં આવી છે.



## પાલનપુરથી અંબાજી સુધી સફાઇ મહાઅભિયાન

શ્રી બનાસકાંઠા કિસાન વિકાસ મંડળ, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને વિવિધ સહયોગીઓ સંસ્થાઓના સ્વંયસેવકો દ્વારા પાલનપુર મુકામે ધનિયાણા ચાર રસ્તાથી અંબાજી સુધી સફાઈ મહા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મગરવાડા માણીભદ્ર વીર મહારાજ મંદિરના પૂજય મહંતશ્રી વિજય સૂરીશ્વરજી મહારાજ, પૂજય મહંતશ્રી દયાલપુરીજી મહારાજ, અગ્રણીઓ સર્વશ્રી ડૉ.સુરેન્દ્ર ગુપ્તા., શ્રી ડૉ. ગીરધરભાઈ પટેલ, શ્રીમતી કુમુદબેન જોષી, શ્રી ભગવાનભાઈ કુગશીયા, શ્રી ગિરીશભાઈ જગાણીયા વગેરેએ ઉપસ્થિત રહી સ્વચ્છતા વિશે પ્રેરણાદાયી પ્રવચન આપ્યુ. હતું.

# ધાનેરામાં ભાજપની સતાનું શાશન આવતાં સમયમાં ખોવાનો વારો આવે તેવી શક્યતાઓ

એક તરફ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભારત માં મુકત કોંગ્રેસ કરવાં માટે વિચારી રયા છે અને ફક્ત ભાજપ ની સરકાર ફરી થી પૂર્ણ બહુમત ૧૫૦સિટો લાવવાની કોશિશ કરી રહ્યા છે ત્યારે ધાનેરા માં શહેર ભાજપ નાં હોદો સંભાળી રહેલ પદઅધિકારી તથા ટીમ પોતાની મનમાની અને અભિમાન જેવા વર્તન થી લોકો ને ભાજપ પ્રત્યે સ્ટેપ નિચો જઈ રહ્યો છે.

આ પદ અધિકારી પુરના સમયે પોતાનું ઘર ભરવામાં મશગુલ હતાં તેમજ નગરપાલિકા ના પ્રમુખ ઉપપ્રમુખ તથા અન્ય ભાજપ નાં પદ અધિકારી ઓ લોકો ની સમસ્યા ને આંખ આડા કાન કરતા હોવાથી લોકો માં ભારે નારાજગી જોવા મળેલ છે.

હજુ સમય છે આવાં ભષ્ટ પદ અધિકારીઓ ને બદલવામાં આવે અને ભાજપ દ્વારા લોકો નાં હિતની રૂપ રેખા તૈયાર કરવામાં આવેતો કદાચ ભાજપ બચી શકે છે પરંતુ આવાં અભિમાની ઓથી પ્રજા સાનમાં સમજી ને બેઠી છે.

# ધાનેરા રેલવે સ્ટેશન નજીક ટ્રેનની અડફેટે આવી જતા પાગલનું મોત

ધાનેરા રેલવે સ્ટેશન નજીક કોઈ મંદબુદ્ધિનો વ્યક્તિ ટ્રેનની અડફેટે આવી જતા તેનું મોત નીપજ્યું છે ત્યારે ભીલડી રેલવે પોલીસે ધાનેરા આવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધાનેરામાં છેલ્લા ઘણા સમયથી પાગલ ફરી રહ્યો હતો પરંતુ ગત મોડીરાત્રે આ પાગલ ધાનેરા રેલવે સ્ટેશન નજીક ટ્રેન ની અડફેટે આવી જતા પાગલ નું મોત નીપજ્યું છે ત્યારે ધાનેરા રેલવે સ્ટેશન માસ્ટર દ્વારા ભીલડી રેલવે પોલીસ ને જાણ કરતા ભીલડી રેલવે પોલીસ ના ભાવેશભાઈ તાત્કાલિક ધાનેરા દોડી આવ્યા હતા અને મૃતક ની લાશ પી એમ અર્થે ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડી હતી.

# બામણા કોલેજમાં શિક્ષક દિન ઉજવાયો

અરવલ્લીના પ્રકૃતિની સાનિધ્યમાં અને કવિવર ઉમાશંકર જોષીની જન્મભુમી બામણા ગામમાં બામણા-પુનાસણ સ્કુલ કેળવણી મંડળ મુંબઈ સંચાલિત એસ.એચ.જોષી અને બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલ,સ્ટાફગણની ઉપસ્થિતીમાં એકદિવસીય પ્રિન્સિપાલ અને સ્ટાફ મિત્રો ધ્વારા શિક્ષક દિનની ગૌરવ પુર્ણ ઉજવણી યોજાઈ હતી.ગુરૂ મહિમાનો વિશેષ દિન તરીકે અસરકારક રીતે ઉજવણી કરી મહત્વ સમજાવવામાં આવ્યું હતું.કાર્યક્રમનું સંચાલન પ્રો.પ્રકાશચંદ્ર જોષી અને પ્રો.અક્ષયભાઈ પ્રજાપતીએ કર્યું હતું.

# દિયોદરથી નર્મદા મહોત્સવનો ભવ્ય પ્રારંભ કરાવતાં શંકરભાઈ ચૌધરી

આજથી સમગ્ર રાજયમાં મા નર્મદા મહોત્સવનો શાનદાર પ્રારંભ થયો છે. જે અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના લુદરા ખાતેથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ મા નર્મદા મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. મંત્રીશ્રીએ નર્મદામૈયાની આરતી ઉતારી પાંચ નર્મદા રથોનું લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ રથો તા.૬ થી ૧૫ સપ્ટેમ્બર દરમ્યાન બનાસકાંઠા જિલ્લાના ૯ તાલુકાના ૪૮૮ ગામોમાં ફરશે. જે ગામોમાં આ રથ જશે ત્યાં ભવ્ય સ્વાગત, પૂજા, આરતી અને કળશ પૂજન જેવા કાર્યક્રમો યોજાશે.

આ પ્રસંગે મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે નર્મદાના પાણી ઉત્તર ગુજરાતના ખેડુતોના ખેતરો સુધી ન પહોંચે તે માટે મેઘા પાટકર અને ઘણા બધા નર્મદા વિરોધીઓએ આંદોલનો કરી નર્મદા યોજનાનો વિરોધ કર્યો હતો. જેના કારણે ભૂતકાળની સરકારો પણ ઝુકી જઈ નર્મદા બંધની ઉંચાઈ વધારવાની મંજુરી આપતી નહોતી. તેમણે કહ્યું કે નર્મદા ડેમની ઉંચાઈ વધારવા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારના આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉપવાસ કર્યા હતા. તેમણે કહ્યું કે ભૂતકાળની સરકારોએ લોકોને અભણ અને ગરીબ રાખવાનું પાપ કર્યુ છે તેવી જ રીતે ખેડુતોના ખેતરોમાં મા નર્મદાના નીર ન પહોંચે તેવી નીતિ અપનાવી ખેડુતોને ગરીબ રાખવાનું પણ પાપ કર્યુ છે.

મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું કે છેલ્લા પંદર વર્ષના શાસનમાં ઈતિહાસમાં નોંધ લેવાય તેટલા બધા વિકાસના કામો ખુબ ઝડપથી થયા છે. તેમણે કહ્યું કે લોકમાતા નર્મદાના નીરથી ગુજરાતમાં સુખ-સમૃધ્ધિના વાવેતર થયા છે. મંત્રીશ્રીએ કહ્યું કે ભૂતકાળની કેન્દ્ર સરકારે પાંચ પાંચ વર્ષ સુધી નર્મદા ડેમના દરવાજા નાંખવાની મંજુરી ન આપીને ગુજરાતને અન્યાય કરી ખેડુતોને દુઃખી કર્યા છે. તેમણે કહ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નેરન્દ્રભાઈ મોદીએ શપથ લીધાના ૧૬ મા દિવસે નર્મદા ડેમના દરવાજા નાંખવાની મંજુરી આપી દીધી અને રાજય સરકારે એકપણ ક્ષણનો વિલંબ કર્યા વિના યુધ્ધના ધોરણે કામગીરી શરૂ કરતાં નર્મદા ડેમના દરવાજા બંધ કરી શકાયા છે. તેમણે કહ્યું કે નર્મદા ડેમના દરવાજા બંધ થવાથી ગુજરાતના વિકાસના દ્વાર ખુલ્યા છે.



# ભિલોડાથી મુંબઈ લાંબા રૂટની બસ ભિલોડા બસ ડેપો દ્વારા ખખડધજ દોડાવતા મુસાફરોમાં રોષ

ભિલોડા, તા. ૬

ગુજરાત રાજય પરિવહન નિગમ દ્વારા 'બસની મુસાફરી સલામતી સવારી'નો જોરશોરથી પ્રચાર કરવામાં આવી રહ્યો છે ત્યારે એસ.ટી. વિભાગના ખખડધજ વહીવટના પગલે અને યોગ્ય સમયે સમારકામ કરાવ્યા વગર જ મુસાફરોના સમયના ભોગે અને જીવનાં જોખમે દોડાવવામાં આવી રહી હોવાથી લોકો એ.ટી બસમાં મુસાફરી કરવાનું ટાળતા હોવાથી નુકશાન ઉઠાવી રહી છે રાજય સરકાર અને ડેપો મેનેજર અને અધિકારીઓના નિષ્ફળ વહીવટથી એસ.ટી.ડેપોનો વહીવટ પણ ખાડે ગયો હોય તેમ ભિલોડા ડેપોની અંદાજે ૫૦૦ કિમિ લાંબા રૂટની એસ.ટી.બસ ખખડધજ દોડાવતા મુસાફરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને લાબા રૂટ પર સારી કંડિશનની બસ ફાળવવાની માંગ કરી હતી.



ભિલોડાથી મુંબઈ જતી ભિલોડા એસ.ટી ડેપો સંચાલિત ૫૦૦ કીમી જેટલા લાંબા રૂટની બસ મુસાફરોની મુસાફરીના સમય કે જીવની સલામતીની કોઈ પણ જાતની ચિંતા કર્યા વગર ખખડધજ લક્સરી બસ દોડાવતા મુસાફરોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો હતો. સોમવારે મુંબઈથી ભિલોડા એસ.ટી બસ માંડ ૪૦ કીમી મોડાસા બાયપાસ પહોંચી હશે અને બસ અચાનક બંધ પડી જતા બસમાં મુસાફરી કરતા અબાલ, વૃદ્ધ,મહિલાઓ સહિતના મુસાફરો ૩ કલાકથી વધુ સમય સુધી રઝળી પડ્યા હતા. ત્યારે બસમાં મુસાફરી કરતા એક જાગૃત નાગરિકે ભિલોડા બસ ડેપો મેનેજરને ફોન કરતા શરૂઆતમાં મેનેજરે ગલ્લા તલ્લાં કરતા જાગૃત નાગરિકે તેની ઓળખાણ આપતા ડેપો મેનેજરને જવાબદારીનું ભાન થયું હોય તેમ મોડાસા ડેપોમાંથી ૨ મિકેનિકલ કર્મચારીઓ મોકલી આપી બસને રીપેર કરતા મુસાફરોએ રાહતના શ્વાસ લીધા હતા.

## ભિલોડા એન.આર.એ. વિદ્યાલય દ્વારા ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજાયો


ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ. વિદ્યાલય, જન સેવા અંગ્રેજી, ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધ્વારા ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય, ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ જોષી, ભરતભાઈ ત્રિવેદી, શંભુભાઈ ત્રિવેદી, સટાફ પરીવાર ધ્વારા ગણપતી વિસર્જનનો કાર્યક્રમ યોજાયો હતો.

# ભિલોડાના બાવળીયા ગામ પાસે ગાયો ખરીદવા આવેલ રાજસ્થાનના ડૉક્ટરની કારમાંથી નવ લાખની લૂંટ

ભિલોડા,તા.૬

ભિલોડા તાલુકાના બાવળીયા (ટોરડા)ગામ પાસે ગાયો ખરીદવા આવેલ રાજસ્થાનના ડૉક્ટરની મારૂતી રીટ્ઝ કારમાંથી રૂા.૯,૦૦,૦૦૦/-ની લુંટ ચલાવી ગાયો ખરીદવા આવેલ ડૉક્ટર ઉપર હુમલો કરી ગડદાપાટુનો માર મારી કારના કાચ તોડી નાખી ચાર ઈસમો ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા.

ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.આર.સંગાડા ના જણાવ્યા મુજબ રાજસ્થાન રાજ્યના ચિત્તોડગઢ જીલ્લાના કનરાર ગામના ડૉ.અમિતકુમાર રતનલાલજી બીલવાલ પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાના કારણે ગાયો ખરીદવા અર્થે ભિલોડા તાલુકાના બાવળીયા (ટોરડા) ગામના વિસ્તારમાં આવ્યા હતા.ડૉક્ટરનો ડ્રાઈવર યાકુબખાન ખ્યાલખાન, રહેવાસી. બાડમેર, રાજસ્થાન સહિત ચાર ઈસમોએ લુંટ કરવાનું કાવતરૂ રચી ડૉક્ટરનો ડ્રાઈવર યાકુબખાન ગાયો ખરીદવા અર્થે



બાવળીયા ગામ પાસે લઈ આવ્યો હતો. બાવળીયા (ટોરડા)ગામના રાજેશભાઈ કલાસવાના ઘર પાસે બાંધેલ ગાયો,ભેંસો બતાવતા હતા તે દરમ્યાન બે અજાણ્યા ઈસમોએ લોખંડના સળીયા,દંડા,ચપ્પુ જેવા હથીયારોથી લુંટ ચલાવવા સંદર્ભે મારૂતી રીટ્ઝ કાર નંબર. આર.જે.૦૬.સી.સી. ૩૬૮૦ કારની ડાબી બાજુ પાછળની સીટના ભાગે મુંકેલ રોકડા રૂા.૯,૦૦,૦૦૦/-ની લુંટ ચલાવી ડૉક્ટરનો ડ્રાઈવર યાકુબખાન ખ્યાલખાન,રાજેશભાઈ કલાસવા સહિત બે અજાણ્યા ઈસમોએ રીટ્ઝ કારનો જમણી સાઈડનો કાચ તોડી નાખી કારને નુકશાન કર્યુ હતું.ચાર ઈસમોએ એક બીજાની મદદ ધ્વારા ડૉક્ટરના જમણા હાથે ઈજાઓ પહોંચાડી રૂા.૯,૦૦,૦૦૦/-ની લુંટ ચલાવી એક બીજાની મદદ કરી જીલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કર્યો હતો.

રાજસ્થાન રાજયના ચિત્તોડગઢ જીલ્લાના કનરાર ગામના ડૉ.અમિતકુમાર રતનલાલજી બીલવાલએ રૂા.૯,૦૦,૦૦૦/-ની લુંટ અને હુમલા સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ (૧) યાકુબખાન ખ્યાલખાન, રહે. બાડમેર,રાજસ્થાન રાજ્ય (૨) રાજેશભાઈ આશીર્વાદ કલાસવા રહે. બાવળીયા (ટોરડા), તા. ભિલોડા, જી.અરવલ્લી સહિત બે અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઈડર તાલુકાના નેત્રામલી ગામમાં સ્વાઈન ફલુનો કેસ પોઝીટીવ

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના નેત્રામલી ગામમાં સ્વાઈન ફલુનો એક કેસ પોઝીટીવ આવતા ખડભડાટ મચી જવા પામ્યો હતો.જીલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ દોડતા થયા હતા.હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં સ્વાઈન ફલુના દર્દીને વધુ સારવાર અર્થે ખસેડાયો હતો. સ્વાઈન ફલુ નામના રોગનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ઈડર તાલુકાના નેત્રામલી ગામમાં સ્વાઈન ફલુનો એક કેસ પોઝીટીવ મળી આવતાં ભારે ફફડાટ ફેલાયો છે.રાજસ્થાન રાજ્યના વતની શ્રમજીવી પરીવાર મજુરી અર્થે ઈડર તાલુકાના નેત્રામલી ગામમાં વસવાટ કરતો હતો.લક્ષ્મણભાઈ મનાતનો પુત્ર અજય મનાત,આશરે ઉંમર.વર્ષ-૧૩ છે.છેલ્લા કેટલાક દિવસોથી તાવ,શરદીના લક્ષણો દેખાતાં પ્રાથમીક સારવાર જાદર સીવીલ હોસ્પિટલમાં લીધી હતી પરંતુ રીકવરી ન આવતાં વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો ત્યારે સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં શ્રમજીવી પરીવારજનો ભારે મુશ્કેલીમાં મુંકાયા હતા.

# શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાં ૩.૩૬ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૬

શામળાજી પોલીસે મંગળવારે સવારે ૧૦-૪૫ વાગ્યાના સુમારે રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા અણસોલ ગામની સીમમાંથી અસારી મનહરભાઈ કમજીભાઈ (રહે. લૂસડિયા-ભિલોડા)ની બોલેરો જીપ (ગાડી.નં-જીજે.૦૮.એફ. ૨૦૧૮)ને અટકાવી તલાશી લેતા ગાડીમાંથી ગેરકાયદેસર વગર પાસપરમીટની વિદેશ દારૂની બોટલો નંગ-૬૭૨ કિંમત રૂ.૩૩૬૦૦૦નો અજાણ્યા શખ્સ પાસેથી ભરી લાવી ગલપુર (લૂસડિયા) કૌશિકભાઈ સુરજીભાઈ ડામોરના ત્યાં પહોંચે તે પહેલા ઝડપી પડી જીપચાલકને દબોચી લઈ શામળાજી પોલીસે જીપગાડી કિંમત રૂ. ૪૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ કિંમત રૂ.૨૦૦૦ મળી કુલ ૭૩૮૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી જીપગાડીમાં ભરી લાવનાર અસારી મનહરભાઈ કમજીભાઈ અને વિદેશી દારૂ મંગાવનાર કૌશિકભાઈ સુરજીભાઈ ડામોર અને વિદેશી દારૂ ભરી આપનાર અજાણ્યા શખ્સ વિરુદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.